ગાંધીનગર શહેર વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ વિદ્યાસહાયકોથી સીધી ભરતીથી ભરવા બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૧/સીંગલ ફા.ક.૧૦/ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૪/૭/૨૦૧૧

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) શિક્ષણ વિભાગના તા.૩/૭/૧૯૯૯ ના પત્ર ક્રમાંકઃપીટીઆર/૧૧૯૭/સી.એમ.૨૯૨૫(૨)/ક,
(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગાંધીનગરને ઉદેશીને લખેલ શિક્ષણ વિભાગના તા.૨/૭/૨૦૦૨ ના અર્ધ સરકારી પત્ર ક્રમાંકઃપીટીઆર/૧૧૯૭/સી.એમ/૨૯૨૫/ક
(૩) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગરની તા.૨૨/૬/૨૦૧૧ ની સી.ફા.ક્રમાંકઃ૧૩/૨૦૧૧/ક-નીતિ
(૪) શિક્ષણ વિભાગના તા.૨૫/૫/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૦/સી.ફા.ક્રમાંકઃ૧૧/ક
(૫) શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક

**આ મુ ખ :-**

ગાંધીનગર શહેર વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માટે સંદર્ભ (૧) અને (૨) વાળા પત્રોથી જરૂરી સુચનાઓ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરને આપવામા આવેલ હતી. તદઅનુસાર ગાંધીનગર શહેર વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ ગાંધીનગરમાં ફરજો બજાવતા રાજય સરકારના અને પંચાયત સેવાના કર્મચારીઓના પતિ/પત્નીઓની નોકરીની સીનીયોરીટી મુજબ ક્રમાનુસાર બદલીથી ભરવાની કાર્યવાહી કરવામાં આવતી હતી. જેના કારણે શહેર વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં મોટી ઉંમરના શિક્ષકો ઉપલબ્ધ થયા છે. મોટી ઉંમરના કારણે શિક્ષકો.વારંવાર બીમારીના કારણોસર લાંબી રજા ઉપર જતા હોય છે જેની અસર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના શિક્ષણ ઉપર થાય છે. હવે ભારત સરકારની ફરજીયાત અને મફત શિક્ષણ ૨૦૦૯ ની જોગવાઇઓ અમલમાં મૂકવામાં આવેલ હોઇ, ધોરણ-૧ થી ૫ પ્રાથમિક શિક્ષણ અને ધોરણ-૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ એમ નકકી કરવામાં આવેલ છે. તે સંદર્ભમાં શિક્ષણની ગુણવત્તા સુધારણાના ભાગ રૂપે પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. આ બાબતમાં સરકારે પુખ્ત વિચારણા કરી નીચે મુજબ ઠરાવેલ છે.

**ઠરાવ :-**

ગાંધીનગર શહેર વિસ્તારની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ પર શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક થી જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓ માટે નકકી કરેલ નિયત લાયકાત ધરાવતા વિદ્યાસહાયકોથી તા.૨૫/૫/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૦/ સી.ફ. ક્રમાંકઃ ૧૧/ક થી રચવામાં આવેલ વિદ્યા સહાયકોની ભરતી માટેની રાજય સ્તરની પસંદગી સમિતિ મારફત સીધી ભરતીની પ્રક્રિયા એક વર્ષ પૂરતી નીચેની શરતોએ કરવા ઠરાવેલ છે.

શરતોઃ-

(૧) સંદર્ભ (૧) તથા (૨) માં જણાવેલ પત્રોથી ગાંધીનગર શહેર વિસ્તારની પ્રાથમિક શાળાઓની પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા આપવામાં આવેલ સુચનાઓ એક વર્ષ પૂરતી સ્થગિત કરવામાં આવે છે.

(૨) ઉપર જણાવેલ જોગવાઇઓ અનુસાર સીધી ભરતીથી નિમણુંક પામતા વિદ્યાસહાયકો જિલ્લા શિક્ષણ સમિતિ/ નગર શિક્ષણ સમિતિના જ ગણાશે અને સરકારશ્રી ધ્વારા ભવિષ્યમાં નિર્ણય થયેથી જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિમાં બદલીપાત્ર રહેશે.

(૩) ઉપર જણાવેલ જોગવાઇઓ અનુસાર સીધી ભરતીથી નિમણુંક પામતા વિદ્યાસહાયકો જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિના વિદ્યાસહાયકો ગણાશે તેવી બાંહેધરી તેમની નિમણુંક આપતી વખતે મેળવી લેવાની રહેશે.

રાજય સ્તરની પસંદગી સમિતિ દ્વારા નિમણુંક માટે ભલામણ કરાયેલા સીધી ભરતી માટે વિદ્યાસહાયકોની નિમણુંકની સત્તા શાસનાધિકારીશ્રી, ગાંધીનગર શહેર વિસ્તાર પાસે યથાવત રહેશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(એસ. બી. ગરાસિયા)**
નાયબ સચિવ(પ્રા.શિ.)
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર ધ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર. તરફ જાણ સારુ

- સર્વે માન.મંત્રીશ્રીઓ, માન.રા.ક.મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ; ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.
- શાસનાધિકારીશ્રી, ગાંધીનગર શહેર વિસ્તાર, બહુમાળી ભવન, ગાંધીનગર.

  } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લાં પંચાયત, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી ક શાખા, સિલેકટ ફાઇલ.